ટેકનિકલ બુલેટીન નં. ૦૧/૨૦૨૦

# મગફળીના પાકની સુરક્ષા માટે નોંધાયેલ અને ભલામણ કરવામાં આવેલ જંતુનાશક દવાઓની યાદી




: સંકલન :

નટરાજા વી. એમ., અનંત કુરેલ્લ,
રાજારામ ચૌધરી,
સાવલીયા એસ.ડી., થીરુમલાઈસામી પી.પી.,
રૂપક જેના, હરીશ જી., રામ દત્તા અને
રાધાકૃષ્ણન ટી.

ભાકૃસંપ - મગફળી સંશોધન નિદેશાલય, જૂનાગઢ.
પોસ્ટ બોક્ષ નંબર-૦૫, જૂનાગઢ-૩૬૨ ૦૦૧, ગુજરાત, ભારત.


# મગફળીના પાકની સુરક્ષા માટે નોંધાયેલ અને ભલામણ કરવામાં આવેલ જંતુનાશ દવાઓની યાદી

રોગો, જીવ-જંતુ, સુત્રકૃમી અને નીંદણ જેવા જૈવિક પરીબળો મગફળીના ઉત્પાદનને અસર કરે છે અને ઉત્પાદન ખર્ચમાં વધારો કરે છે. આ જૈવિક પરીબળોને સંચાલન કરવા માટે, કેટલાંક જંતુનાશકો જરૂરી છે. સાચી માહિતીની ગેરહાજરીમાં, ખેડૂતો સરળતાથી ઉપલબ્ધ હોય તેવી જંતુનાશક દવાઓનો ઉપયોગ કરે છે, જે પાક માટે યોગ્ય પણ ન હોય. આ અંગેની સાચી માહિતી આપવા માટે તેમજ મગફળીના પાકના રક્ષણ માટે ખેડૂતોને જાગૃત અને શિક્ષિત કરવાના ઉદ્દેશથી આ પ્રકાશનમાં મગફળીના પાકની સુરક્ષા માટે જંતુનાશક દવાઓની સૂચિ તૈયાર કરવામાં આવી છે. આ નોંધાયેલ જંતુનાશકો સિવાય, ભારતીય કૃષિ સંશોધન પરિષદ અને રાજ્ય કૃષિ વિશ્વવિદ્યાલયો દ્વારા ભલામણ કરેલ જંતુનાશકોની યાદી આપવાના પ્રયત્નો પણ કરવામાં આવ્યો છે.


## ૧. પાનના રોગો




ગેરૂ



વહેલા આવતા પાનના ટપકાનો રોગ



મોડા આવતા પાનના ટપકાનો રોગ



અલ્ટરનેરીયા દ્વારા પાનાનો સુકારો

| રોગ | જંતુનાશક | માત્રા | | છંટકાવ માટે પાણીનું પ્રમાણ (લી./હેકટર) | પ્રતીક્ષા સમય (દિવસ) |
|---|---|---|---|---|---|
| | | સક્રિય તત્વ (ગ્રા./હેકટર) | દવા ની માત્રા (ગ્રા. અથવા મિ.લી./હેકટર) | | |
| ગેરૂ | બિટરેટોનોલ ૨૫ ડબલ્યુપી | ૨૫૦ | ૧૦૦૦ | ૫૦૦ | ૩૦ |
| | કલોરોથેલોનીલ ૭૫ ડબલ્યુપી | ૦.૬૬-૦.૮૬૩ | ૦.૮૭૫-૧.૫૦ | ૬૦૦-૮૦૦ | ૧૪ |
| | મેન્કોઝેબ ૭૫ ડબલ્યુપી | ૧૧૨૫-૧૫૦૦ | ૧૫૦૦-૨૦૦૦ | ૭૫૦ | |
| | પ્રોપિકોનાઝોલ ૨૫ ઇસી | ૧૨૫ | ૫૦૦ | ૭૫૦ | ૧૫ |
| | ટેબ્યુકોનાઝોલ ૨૫.૯ ઇસી | ૧૨૫-૧૮૮ | ૫૦૦-૭૫૦ | ૫૦૦ | ૪૯ |
| | ટેબ્યુકોનાઝોલ ૨૫ ડબલ્યુજી | ૧૨૫-૧૮૮ | ૫૦૦-૭૫૦ | ૫૦૦ | ૨૨ |
| | ઇમિડાકલોપ્રિડ ૧૮.૫ + હેકસાકોનાઝોલ ૧.૫ એફએસ★ | ૪૦ | ૨૦૦ મિ.લી./૧૦ કિલોગ્રામ બીજ | | |
| વહેલા અને મોડા આવતા પાન ના ટપકાનો રોગ (વહેલી અને મોડી આવતી ચીતરી) | બિટરેટોનોલ ૨૫ ડબલ્યુપી | ૨૫૦ | ૧૦૦૦ | ૫૦૦ | ૩૦ |
| | કાર્બેન્ડાઝિમ ૫૦ ડબલ્યુપી | ૧૧૨.૫ | ૨૨૫ | ૭૫૦ | |
| | કલોરોથેલોનીલ ૭૫ ડબલ્યુપી | ૦.૬૬-૦.૮૬૩ | ૦.૮૭૫-૧.૫૦ | ૬૦૦-૮૦૦ | ૧૪ |
| | હેકસાકોનાઝોલ ૫ ઇસી | ૭૫ | ૧૫૦૦ | ૫૦૦ | ૩૦ |
| | મેન્કોઝેબ ૭૫ ડબલ્યુપી | ૧૧૨૫-૧૫૦૦ | ૧૫૦૦-૨૦૦૦ | ૭૫૦ | |



Scanned with CamScanner


| | | | | | |
|---|---|---|---|---|---|
| | મેટિરામ ૭૦ ડબલ્યુજી | ૧૪૦૦ | ૨૦૦૦ | ૫૦૦-૭૫૦ | ૧૬ |
| | પ્રોપિકોનાઝોલ ૨૫ ઇસી | ૧૨૫ | ૫૦૦ | ૭૫૦ | ૧૫ |
| | પાયરીકલોસ્ટ્રોબિન ૨૦ ડબલ્યુજી | ૧૦૦ | ૫૦૦ | ૫૦૦ | ૨૯ |
| | સલ્ફર ૪૦ ડબલ્યુપી | ૨૨૫૦-૩૦૦૦ | ૫૬૫૦-૭૫૦૦ | ૭૫૦-૧૦૦૦ | |
| | સલ્ફર ૮૦ ડબલ્યુપી | ૨૦૦૦-૪૦૦૦ | ૨૫૦૦-૫૦૦૦ | ૭૫૦-૧૦૦૦ | |
| | સલ્ફર ૮૫ ડીપી | ૧૨૭૫૦-૧૭૦૦૦ | ૧૫૦૦૦-૨૦૦૦૦ | | |
| | ટેબ્યુકોનાઝોલ ૨૫.૯ એસી | ૧૨૫-૧૮૮ | ૫૦૦-૭૫૦ | ૫૦૦ | ૪૯ |
| | ટેબ્યુકોનાઝોલ ૨૫ ડબલ્યુજી | ૧૨૫-૧૮૮ | ૫૦૦-૭૫૦ | ૫૦૦ | ૨૨ |
| | કાર્બેન્ડાઝિમ ૧૨ + મેન્કોઝેબ ૬૩ ડબલ્યુપી | ૩૭૫ | ૫૦૦ | ૫૦૦ | ૭૨ |
| | કાબેન્ડાઝિમ ૧૨ + મેન્કોઝેબ ૬૩ ડબલ્યુપી★ | ૧.૮૮ ગ્રામ/૧૦ કિલો ગ્રામ બીજ | ૨.૫ ગ્રામ/૧૦ કિલોગ્રામ બીજ | ૫૦૦ | ૩૦ |
| | કાર્બેન્ડાઝિમ ૨૫ + મેન્કોઝેબ ૫૦ ડબલ્યુએસ★ | ૨૨.૫-૨૬.૨૫ ગ્રામ/૧૦ કિલોગ્રામ બીજ | ૩૦-૩૫ ગ્રામ/૧૦ કિલોગ્રામ બીજ | ૦.૧ | |
| | કાર્બેન્ડાઝિમ ૨૫ + ફલુઝીલાઝોલ ૧૨.૫ એસઇ | ૨૪૦-૩૦૦ | ૬૪૦-૮૦૦ | ૫૦૦ | ૨૪ |
| | ફલુકસાયરોકસાડ ૧૬૭ ગ્રામ/લી. + પાયરાકલોસ્ટ્રોબિન ૩૩૩ ગ્રામ લી. એસસી | ૧૫૦ | ૩૦૦ | ૫૦૦ | ૨૦ |
| | ઇમિડાકલોપ્રિડ ૧૮.૫ + હેકસાકોનાઝોલ ૧.૫ એફએસ★ | ૪૦ | ૨૦૦ મિ.લી./૧૦ કિલોગ્રામ બીજ | | |
| | મેન્કોઝેબ ૬૩ + કાર્બેન્ડાઝિમ ૧૨ ડબલ્યુએસ★ | ૧૮.૮ ગ્રામ/૧૦ કિલોગ્રામ બીજ | ૨૫ ગ્રામ/૧૦ કિલોગ્રામ બીજ | | |
| મોડા આવતા પાન ના ટપકાનો રોગ (મોડી આવતી ચીતરી) | સ્યુડોમોનોસ ફ્લોરોસેન્સ ૦.૫ ડબ્લ્યુપી (ટીએનએયૂ પ્રજાતી નંબર આઇટીસીસી બીઇ૦૦૦૫)★ | ૨૨.૫-૨૬.૨૫ ગ્રામ/૧૦ કિલોગ્રામ બીજ | ૧૦૦ ગ્રામ/૧૦ કિલોગ્રામ બીજ અથવા ૧ કિલોગ્રામ/હેકટર | | |
| | સ્યુડોમોનોસ ફ્લુરોસેન્સ ૧.૫ એએસ (પ્રજાતી નંબર એમટીસીસી ૨૫૩૯)★ | | ૧૦૦ ગ્રામ/૧૦ કિલોગ્રામ બીજ ૧ લી./હેકટર | | |

અલ્ટરનેરીયા દ્વારા પાનનો સુકારો માટે ભલામણ કરેલા જંતુનાશક : પ્રોપિકોનાઝોલ ૨૫ ઇસી ૧ મિ.લી/લી. અથવા હેકસાકોનાઝોલ ૫ ઇસી ૧ મિ.લી./લી. અથવા ટેબ્યુકોનાઝોલ ૨૫.૯ ઇસી ૧.૫ મિ.લી./લી.
★બીજ માવજત



Scanned with CamScanner

## ૨. જમીન જન્ય રોગો



કંઠનો સુકારો




થડનો સુકારો



મૂળનો સુકારો



ફ્યુઝેરીયમ થી થતો સુકારો



અફલારૂટ

| રોગ | જંતુનાશક | માત્રા | | છંટકાવ માટે પાણીનું પ્રમાણ (લી./હેક્ટર) | પ્રતીક્ષા સમય (દિવસ) |
|---|---|---|---|---|---|
| | | સક્રિય તત્વ (ગ્રા./હેક્ટર) | દવા ની માત્રા (ગ્રા. અથવા મિ.લી./હેક્ટર) | | |
| કંઠનો સુકારો | મેન્કોઝેબ ૭૫ ડબલ્યુપી★ | ૧૮.૭૫-૨૨.૫૦ ગ્રામ ૧૦ કિલોગ્રામ બીજ | ૨૫-૩૦ ગ્રામ/૧૦ કિલોગ્રામ બીજ | ૦.૧ (સ્લરી) | |
| | ટેબ્યુકોનાઝોલ ૫૪ એફએસ★ | ૦.૨૪ ગ્રામ/૧૦ કિલોગ્રામ બીજ | ૪ મિ.લી./૧૦ કિલોગ્રામ બીજ | | |
| | થાયરમ ૭૫ ડબલ્યુએસ★ | ૩૭.૫ ગ્રામ/૧૦ કિલોગ્રામ બીજ | ૫૦ ગ્રામ/૧૦ કિલોગ્રામ બીજ | ૧ | ૭-૧૦ |
| | કાર્બેન્ડાઝિમ ૧૨ + મેન્કોઝેબ ૬૩ ડબલ્યુપી★ | ૧.૮૮ ગ્રામ/૧૦ કિલોગ્રામ બીજ | ૨.૫ ગ્રામ/૧૦ કિલોગ્રામ બીજ | | |
| | કાર્બેન્ડાઝિમ ૨૫ + મેન્કોઝેબ ૫૦ ડબલ્યુએસ★ | ૨૨.૫-૨૬.૨૫ ગ્રામ/ ૧૦ કિલોગ્રામ બીજ | ૩૦-૩૫ ગ્રામ/૧૦ કિલોગ્રામ બીજ | ૦.૧ | |
| | કાર્બોક્ષીન ૩૭.૫ + થાયરમ ૩૭.૫ ડીએસ★ | ૨૨.૫ ગ્રામ/૧૦ કિલોગ્રામ બીજ | ૩૦ ગ્રામ/૧૦ કિલોગ્રામ બીજ | | ૯૦ |
| | ઇમિડાક્લોપ્રિડ ૧૮.૫ + હેક્સાકોનાઝોલ ૧.૫ એફએસ★ | ૪૦ | ૨૦૦ મિ.લી/૧૦ કિલોગ્રામ બીજ | | |
| | મેન્કોઝેબ ૬૩ + કાર્બેન્ડાઝિમ ૧૨ ડબલ્યુએસ★ | ૧૮.૮ ગ્રામ/૧૦ કિલોગ્રામ બીજ | ૨૫ ગ્રામ/૧૦ કિલોગ્રામ બીજ | | |



Scanned with CamScanner

| | | | | | |
|---|---|---|---|---|---|
| થડનો સુકારો | ટેબ્યુકોનાઝોલ ૨ ડીએસ★ | ૨૦૦-૨૫૦ ગ્રામ/૧૦ કિલોગ્રામ બીજ | ૧૦-૧૨.૫ લી./૧૦ કિલોગ્રામ બીજ | | |
| | ટેબ્યુકોનાઝોલ ૫૪ એફએસ★ | ૦.૨૪ ગ્રામ/૧૦ કિલોગ્રામ બીજ | ૪ મિ.લી./૧૦ કિલોગ્રામ બીજ | | |
| | કાર્બેન્ડાઝિમ ૨૫ + ફ્લુઝીલાઝોલ ૧૨.૫ એસઇ | ૨૪૦-૩૦૦ | ૬૪૦-૮૦૦ | ૫૦૦ | ૨૪ |
| | કાર્બોક્ષીન ૩૭.૫ + થાયરમ ૩૭.૫ ડીએસ★ | ૨૨.૫ ગ્રામ/૧૦ કિલોગ્રામ બીજ | ૩૦ ગ્રામ/૧૦ કિલોગ્રામ બીજ | | ૯૦ |
| | ઇમિડાક્લોપ્રિડ ૧૮.૫ + હેક્સાકોનાઝોલ ૧.૫ એફએસ★ | ૪૦ | ૨૦૦ મિ.લી/૧૦ કિલોગ્રામબીજ | | |
| | થાઓફેનેટ મીથાઇલ ૪૫૦ ગ્રામ/લી. +પાયરીક્લોસ્ટ્રોબિન ૫૦ ગ્રામ/લી એફએસ★ | ૧૦-૧૨.૫ ગ્રામ/૧૦ કિલોગ્રામ બીજ | ૨૦-૨૫ ગ્રામ/૧૦ કિલોગ્રામ બીજ | | |
| મૂળનો સુકારો | ટેબ્યુકોનાઝોલ ૨ ડીએસ★ | ૨૦૦-૨૫૦ ગ્રામ/૧૦ કિલોગ્રામ બીજ | ૧૦-૧૨.૫ લી./૧૦ કિલોગ્રામ બીજ | | |
| | કાર્બેન્ડાઝિમ ૧૨ + મેન્કોઝેબ ૬૩ ડબલ્યુપી★ | ૧.૮૮ ગ્રામ/૧૦ કિલોગ્રામ બીજ | ૨.૫ ગ્રામ/૧૦ કિલોગ્રામ બીજ | | |
| | કાર્બેન્ડાઝિમ ૨૫ + મેન્કોઝેબ ૫૦ ડબલ્યુએસ★ | ૨૨.૫-૨૬.૨૫ ગ્રામ/ ૧૦ કિલોગ્રામ બીજ | ૩૦-૩૫ ગ્રામ/૧૦ કિલોગ્રામ બીજ | ૦.૧ | |
| | કાર્બોક્ષીન ૩૭.૫ + થાયરમ ૩૭.૫ ડીએસ★ | ૨૨.૫ ગ્રામ/૧૦ કિલોગ્રામ બીજ | ૩૦ ગ્રામ/૧૦ કિલોગ્રામ બીજ | | ૯૦ |
| | મેન્કોઝેબ ૬૩ + કાર્બેન્ડાઝિમ ૧૨ ડબલ્યુએસ★ | ૧૮.૮ ગ્રામ/૧૦ કિલોગ્રામ બીજ | ૨૫ ગ્રામ/૧૦ કિલોગ્રામ બીજ | | |
| સુકારો | ટેબ્યુકોનાઝોલ ૫૪ એફએસ★ | ૦.૨૪ ગ્રામ/૧૦ કિલોગ્રામ બીજ | ૪ એમએલ/૧૦ કિલોગ્રામ બીજ | | |
| બીજ અને છોડ સડવું | પેનફ્લુફેન ૧૩.૨૮+ ટ્રાઇફ્લોક્ષીસ્ટ્રોબિન ૧૩.૨૮ એફએસ★ | ૨૪.૬-૩૦.૮ ગ્રામ/૧૦ કિલોગ્રામ બીજ | ૮૦-૧૦૦ ગ્રામ/૧૦ કિલોગ્રામ બીજ | | |
| | કાર્બોક્ષીન ૩૭.૫ + થાયરમ ૩૭.૫ ડીએસ★ | ૨૨.૫ ગ્રામ/૧૦ કિલોગ્રામ બીજ | ૩૦ ગ્રામ/૧૦ કિલોગ્રામ બીજ | | ૯૦ |

ઉપરોક્ત નોંધાયેલ જંતુનાશકો સિવાય, જમીન જન્ય રોગોને પણ નીચેની ભલામણો દ્વારા સંચાલિત કરવામાં આવે છે.

- બીજ ને વાવતા પહેલા ટ્રાઇકોડર્મા હર્ઝીયાનમ અથવા ટ્રાઇકોડર્મા વીરીડી ૧૦ ગ્રામ/કિલોગ્રામ બીજ પટ આપવો તથા ટ્રાઇકોડર્મા પ્રજાતિઓ ૪ કિલોગ્રામ ને ૨૫૦ કિલોગ્રામ ગળતીયા છાણીયા ખાતરમાં અથવા ૨૦૦ કિલોગ્રામ એરંડીના ખોળમાં ભેળવીને વાવતા પહેલા જમીનમાં આપવાથી, બીજ તેમજ જમીન જન્ય રોગનું નિયંત્રણ કરી શકાય છે.

★બીજ માવજત


## ૩. વિષાણુ જન્ય રોગો



મગફળીનો અગ્રકલીકાનો સુકારો

થ્રિપ્સ માટે નોંધાયેલ જંતુનાશકો એ રોગ માટે પણ કામ કરે છે.
કારણ કે થ્રિપ્સ વિષાણુનું સંક્રામિત કરે છે.


## ૪. ચુસીયા પ્રકારની જીવાતો



થ્રીપ્સ



મોલો-મશી



તડતડીયા

| જીવાત | જંતુનાશક | માત્રા | | છંટકાવ માટે પાણીનું પ્રમાણ (લી./હેક્ટર) | પ્રતીક્ષા સમય (દિવસ) |
|---|---|---|---|---|---|
| | | સક્રિય તત્વ (ગ્રા./હેક્ટર) | દવા ની માત્રા (ગ્રા. અથવા મિ.લી./હેક્ટર) | | |
| થ્રીપ્સ (ક્ષમ્યમાત્રા : રોપ અવસ્થામાં ૫ થ્રીપ્સ પ્રતિ કુંપળ) | લેમ્બ્ડા-સાયલોથ્રિન ૫ ઇસી | ૧૦-૧૫ | ૨૦૦-૩૦૦ | ૪૦૦-૫૦૦ | ૧૦ |
| | કવીનાલ્ફોસ ૨૫ ઇસી | ૩૫૦ | ૧૪૦૦ | ૫૦૦-૧૦૦૦ | ૩૦ |
| | ઇમીડાકલોપ્રીડ ૧૮.૫ + હેક્ષાકોનાઝોલ ૧.૫ એફએસ | ૪૦ | ૨૦૦ | | |
| મોલો-મશી (ક્ષમ્યમાત્રા : રોપ અવસ્થા ૫ થી ૧૦ મોલો પ્રતિ છોડ) | એન્ડોસલ્ફાન ૪ ડીપી | ૧૪૦-૧૭૫ | ૩૫૦૦-૪૪૦૦ | | ૨૧ |
| | ઇમીડાકલોપ્રીડ ૧૭.૮ એસએલ | ૨૦-૨૫ | ૧૦૦-૧૨૫ | ૫૦૦ | ૪૦ |
| તડતડીયા | ઇમીડાકલોપ્રીડ ૧૭.૮ એસએલ | ૨૦-૨૫ | ૧૦૦-૧૨૫ | ૫૦૦ | ૪૦ |




Scanned with CamScanner

| | | | | | |
|---|---|---|---|---|---|
| (ક્ષમ્યમાત્રા: ૩૦ દિવસનો પાક થાય ત્યારે ૫ થી ૧૦ પુખ્ત તડતડીયા પ્રતિ છોડ) | લેમ્ડા-સાયલોથ્રિન ૫ ઈસી | ૧૦-૧૫ | ૨૦૦-૩૦૦ | ૪૦૦-૫૦૦ | ૧૦ |
| | કવીનાલ્ફોસ ૨૫ ઈસી | ૩૫૦ | ૧૪૦૦ | ૫૦૦-૧૦૦૦ | ૩૦ |
| | ઈમીડાકલોપ્રીડ ૧૮.૫ + હેક્ષાકોનાઝોલ ૧.૫ એફએસ | ૪૦ | ૨૦૦ | | |
| | થાયોમિથોકઝામ ૧૨.૬ લેમ્ડા-સાયલોથ્રિન ૯.૫ ઈસી | ૨૭.૫ | ૧૫૦ | ૫૦૦ | ૨૮ |


ઉપરોક્ત નોંધાયેલ જંતુનાશકો સિવાય, ચુસીયા પ્રકારની જીવાતોને પણ નીચેની ભલામણો દ્વારા સંચાલિત કરવામાં આવે છે.

- લીકેનિસિલિયમ લેકેની નામની ફૂગનો છંટકાવ ૫ ગ્રામ/લીટર પ્રમાણે પાણીમાં ઓગાળીને સાંજના સમયે છંટકાવ કરવો.
- ડાઈમેથોએટ ૩૦ ઈસી ૨ મિ.લી./લીટર અથવા મોનોક્રોટોફોસ ૩૬ એસએલ ૨.૫ મિ.લી./લીટર અથવા ઈમીડાકલોપ્રીડ ૧૭.૮ એસએલ ૦.૩ મિ.લી./લીટર અથવા થાયોકલોપ્રીડ ૪૮૦ એસસી ૦.૩ મિ.લી./લીટર અથવા થાયોમેથોક્ષામ ૨૫ ડબલ્યુજી ૦.૨ ગ્રામ/લીટર અથવા એસીટામેપ્રીડ ૨૦ એસપી ૦.૨ ગ્રામ/લીટર પ્રમાણે પાણીમાં નાખીને કોઈપણ એક દવાનો છંટકાવ, પાક ૨૫ થી ૩૦ દિવસનો થાય ત્યારે કરવો.

### ૫. પાન ખાનારી જીવાતો



પાન કોરીયું



લશ્કરી ઈયળ



લાલ કાતરા ઈયળ

| | | | | | |
|---|---|---|---|---|---|
| પાન કોરીયું (ક્ષમ્યમાત્રા: પાક ૩૦ દિવસ નો થાય ત્યાં સુધીમાં પાંદડા પર ૫ પોલાણ/છોડ) | ડેલ્ટામેથ્રીન ૨.૮ ઈસી | ૧૨.૫ | ૫૦૦ | ૪૦૦-૬૦૦ | ૧ |
| | લેમ્ડા-સાયલોથ્રિન ૫ ઈસી | ૧૦-૧૫ | ૨૦૦-૩૦૦ | ૪૦૦-૫૦૦ | ૧૦ |
| | ફોરેટ ૧૦ સીજી | ૧૫૦૦ | ૧૫૦૦૦ | | |
| | કવીનાલ્ફોસ ૨૫ ઈસી | ૩૫૦ | ૧૪૦૦ | ૫૦૦-૧૦૦૦ | ૩૦ |
| લશ્કરી ઈયળ (ક્ષમ્યમાત્રા: પાક ૩૦ દિવસ નો થાય ત્યાં સુધીમાં ૨૦-૨૫% પાનનુ જીવાતના નુકશાનને લીધે ખરી જવું) | મીથોમિલ ૪૦ એસપી | ૩૦૦-૩૫૦ | ૭૫૦-૮૫૦ | ૫૦૦ | ૭ |
| | કવીનાલ્ફોસ ૨૦ એએફ | ૨૫૦-૩૭૫ | ૧૨૫૦-૧૭૭૫ | ૭૫૦-૧૦૦૦ | ૩૦ |
| | થાયોમિથોકઝામ ૧૨.૬ + લેમ્ડા-સાયલોથ્રિન ૯.૫ ઈસી | ૨૭.૫ | ૧૫૦ | ૫૦૦ | ૨૮ |



Scanned with CamScanner

| જીવાત | જંતુનાશક | માત્રા | | છંટકાવ માટે પાણીનું પ્રમાણ (લી./હેકટર) | પ્રતીક્ષા સમય (દિવસ) |
|---|---|---|---|---|---|
| | | સક્રિય તત્વ (ગ્રા./હેકટર) | દવા ની માત્રા (ગ્રા. અથવા મિ.લી./હેકટર) | | |
| લાલ કાતરા ઇયળ (ક્ષમ્યમાત્રા :પાક ૩૦ દિવસ નો થાય ત્યાં સુધીમાં ૨૦-૨૫%પાનનું જીવાતના નુકશાનને લીધે ખરી જવું) | ડાયક્લોરોવોસ ૭૬ ઇસી | ૩૭૫-૭૫૦ | ૪૭૦-૯૪૦ | ૫૦૦-૧૦૦૦ | |
| | ટ્રાઇક્લોરફોન ૫ જીઆર અથવા ૫ ડી અથવા ૫૦ ઇસી | ૫૦૦ | | | |
| | થાયોમિથોક્ઝામ ૧૨.૬ + લેમ્ડા-સાયલોથ્રિન ૯.૫ ઇસી | ૨૭.૫ | ૧૫૦ | ૫૦૦ | ૨૮ |

ઉપરોક્ત નોંધાયેલ જંતુનાશકો સિવાય, પાન ખાનારી જીવાતોને પણ નીચેની ભલામણો દ્વારા નિયંત્રીત કરવામાં આવે છે.

- ટ્રાઇકોગ્રામા ચીલોનીસ અને ટીલોનોમસ રેમસ જેવા પરભક્ષી ૫૦,૦૦૦/હેકટર પ્રમાણે ૭ થી ૧૦ દિવસના અંતરે બે વખત છોડવા તેમજ બ્રેકોન હેબેટોર ૫,૦૦૦/હેકટર પ્રમાણે ૭ થી ૧૦ દિવસના અંતરે બે વખત ખેતરમાં છોડવા.
- લશ્કરી ઇયળ નિયંત્રણ માટે બજારમાં મળતા ન્યુક્લીયર પોલીહાઇડ્રોસીસ નામના વિષાણુ નું દ્રાવણ ૪ મિ.લી./૧૦ લીટર પાણીમાં, તેમજ કાતરા ઇયળોના નિયંત્રણ માટે બજારમાં મળતા ગ્રેન્યુલોસિસ વિષાણું નું દ્રાવણ ૩ મિ.લી./૧૦ લીટર પાણીમાં ઓગાળીને સાંજના સમયે છંટકાવ કરવો.
- બજારમાં મળતા બેસીલસ થુરીનજીએનસીસ તથા બીવેરીયા બેઝીયાના તથા મેટરિંજીયમ રીલેઇ નામના જીવાણુંના પાવડરનો ૨ ગ્રામ/લીટર પ્રમાણે પાણીમાં ઓગાળીને સાંજના સમયે છંટકાવ કરવો.
- લીંબોળીનું તેલ ૫ મિ.લી./લીટર તથા સાબુનો પાવડર ૧ ગ્રામ/લીટર પ્રમાણે પાણીમાં નાખીને અથવા ૫% લીંબોળીના બીજનો અર્ક નો છંટકાવ કરવો.
- ક્લોરોપાયરીફોસ ૨૦ ઇસી ૨.૫ મિ.લી./લીટર અથવા પ્રોફેનોફોસ ૫૦ ઇસી ૨ મિ.લી./લીટર અથવા નોવાલ્યુરોન ૧૦ ઇસી ૧ મિ.લી./લીટર અથવા સ્પીનોસેડ ૪૫ એસસી ૦.૩ મિ.લી./લીટર પ્રમાણે પાણીમાં નાખીને કોઇ પણ એક દવાનો છંટકાવ કરવો.
- લશ્કરી ઇયળોના નિયંત્રણ માટે કમોદનું ભૂસુ ૧૨.૫ કિલોગ્રામ + ગોળની રસી/ગોળ ૨.૫ કિલોગ્રામ + કાર્બારીલ ૫૦ ડબલ્યુપી ૧.૨૫ કિલોગ્રામ મુજબ લઇને તેને બરાબર ભેળવી પ્રલોભીકા બનાવીને ખેતરમાં છુટકાવ કરવો.

## ૬. જમીનમાં રહીને નુકશાન કરતી જીવાતો



સફેદ ઘેણ/મૂંડો



ઊધઇ




Scanned with CamScanner

| | | | | | |
|---|---|---|---|---|---|
| સફેદ ઘેણ/મૂંડો (ક્ષમ્યમાત્રા:૧ ચોરસ મીટર વિસ્તારમાં ૧ ઇયળ) | કાર્બોફ્યુરાન ૩ સીજી | ૧૫૦૦ | ૫૦૦૦૦ | | |
| | ફોરેટ ૧૦ સીજી | ૨૫૦૦ | ૨૫૦૦૦ | | |
| ઊધઇ | થાયોમિથોક્ઝામ ૭૫ એસજી | ૯૪ | ૧૨૫ | ૫૦૦-૧૦૦૦ | ૫૭ |
| | ઇમીડાકલોપ્રીડ ૧૮.૫ + હેક્ષાકોનાઝોલ ૧.૫ એફએસ | ૪૦ | ૨૦૦ | | |
| ડોડવા ખાનાર ઇયળ | કાર્બોફ્યુરાન ૩ સીજી | ૧૦૦૦ | ૩૩૩૦૦ | | |

ઉપરોકત નોંધાયેલ જંતુનાશકો સિવાય, સફેદ ઘેણ/મૂંડો ને પણ નીચેની ભલામણો દ્વારા નિયંત્રીત કરવામાં આવે છે.

- સંધ્યા સમયે ૭ થી ૧૦ વાગ્યા સુધી એક પ્રકાશ પિંજર/હેકટર પ્રથમ સારા વરસાદ બાદ ખેતરમાં મુકવું.
- જમીનમાંથી પુખ્ત બહાર આવે એટલે કે પ્રથમ વરસાદ પછી શેઢે પાળે આવેલા યજમાન ઝાડ પર ૩ ફેરોમોન પીંજર/ઝાડ/૧૫ મીટરના ઘેરાવા પ્રમાણે લગાવીને તેના પુખ્ત કીટકો પકડીને તેનો નાશ કરવો.
- શેઢા પાળા પરના વૃક્ષો પર ઇમીડાકલોપ્રીડ ૧૭.૮ એસએલ નું ૧.૫ મિ.લી./લીટર અથવા મોનોક્રોટોફોસ ૩૬ એસએલનું ૧.૬ મિ.લી./લીટર સાંદ્રતાવાળા દ્રાવણનો છંટકાવ સાંજના સમયે કરવો જોઇએ.
- પાક વાવતા પહેલા કાર્બોફ્યુરાન ૩ સીજી ૩૦ કિલોગ્રામ/હેકટર અથવા ફોરેટ ૧૦ સીજી ૨૫ કિલોગ્રામ/હેકટર પ્રમાણે ચાસમાં આપવું/વાવવું.
- પાક વાવતા પહેલા થાયોમેથોક્ષામ ૨૫ ડબલ્યૂએસ ૧.૯ લી/હેકટર અથવા ફીપ્રોનીલ ૫ એફએસ લી./હેકટર પ્રમાણે ચાસમાં રેડવું.
- મગફળીના બીજને કલોરોપાયરીફોસ ૨૦ ઇસી ૬.૫ થી ૧૨.૦ મિ.લી./કિલોગ્રામ બીજ પ્રમાણે પટ આપવો.

### ૭. સંગ્રહ સ્થાનની જીવાત



ભોટવા

સંગ્રહ દરમિયાન મગફળીમાં ભોટવાના સંચાલન માટે કોઇ નોંધાયેલ જંતુનાશકો નથી; જો કે નીચેની ભલામણો ઉપલબ્ધ છે.

- સંગ્રહ સ્થાનોની દીવાલો, છત અને તળિયા અથવા જો મગફળી શણના કોથળામાં ભરી હોય તો આવા કોથળા પર માણસો માટે ઓછી નુકસાન કારક દવાઓ જેવી કે ડેલ્ટામેથ્રીન ૨.૫ ઇસી ૦.૫ મી.લી./લીટર પાણીમાં અથવા મેલાથીઓન ૫૦ ઇસી ૫ મી.લી./લીટર ઓગાળીને છંટકાવ કરવો જોઇએ.
- તેમજ મગફળીનો સંગ્રહ કર્યા બાદ એલ્યુમીનીયમ ફોસ્ફાઇડ ૫૬% નું ૧૦ ગ્રામ વજનનું એક પાઉચ પ્રતિ ૧ ટન મગફળી મુજબ મુકીને હવાચુસ્ત બંધ કરીને ધુમીકરણ કરવું.


### ૮. ઉંદરો

- ઉંદરોનાં નિયંત્રણ માટે નોંધાયેલ ઉંદર નાશક દવા બ્રોમાડીયોલોન ૦.૨૫ સીબી (૦.૦૦૫ ગ્રામ/હેકટર) અથવા બ્રોમાડીયોલોન ૦.૦૦૫ આરબી (૦.૦૦૫ ગ્રામ/હેકટર) સાથે મિશ્રિત કરી ખોરાક સાંજના સમયે ખેતરમાં ૫ થી ૧૦ દિવસ મૂકો.



Scanned with CamScanner

### ૯. સુત્રકૃમી



મુળ-ગાંઠના સૂત્રકૃમી



મુળ-જખમના સૂત્રકૃમી



કાલહસ્તી બીમારી

મગફળીમાં સૂત્રકૃમિના સંચાલન માટે નોંધાયેલા જંતુનાશકો નથી; જો કે, નીચેની ભલામણો ઉપલબ્ધ છે.

- જે વિસ્તારમાં સૂત્રકૃમિનો ઉપદ્રવ ખૂબ જ વધારે હોય ત્યાં વાવેતરના ૭ દિવસ પહેલા ચાસમાં લીમડાનો અથવા એરંડીનો ખોળ ૧ ટન/હેક્ટર અથવા કાર્બોફ્યુરાન ૩૩.૦ સીજી કિલોગ્રામ/હેક્ટર જમીનમાં આપવાનું હોય.
- કાર્બોસલ્ફાન ૨૫ ડીએસ ૩ ગ્રામ/કિલોગ્રામના દર પ્રમાણે બીજને પટ આપવો.

### ૧૦. નીંદણ

| પ્રકાર | ઘાસ-નીંદણનાશક | માત્રા | | છંટકાવ માટે પાણીનું પ્રમાણ (લી./હેક્ટર) | પ્રતીક્ષા સમય (દિવસ) | નોંધ |
|---|---|---|---|---|---|---|
| | | સક્રિય તત્વ (ગ્રા./હેક્ટર) | દવાની માત્રા (ગ્રા. અથવા મિ.લી./હેક્ટર) | | | |
| બીજનું સ્ફૂરણ થયા પહેલા | એલાકલોર ૫૦ ઈસી | ૧૫૦૦-૨૫૦૦ | ૩૦૦૦-૫૦૦૦ | ૨૫૦-૫૦૦ | ૧૨૦-૧૫૦ | ઘાસ અને મોટા પાંદડાવાળા નીંદણ |
| | અલાકલોર ૧૦ જીઆર | ૧૫૦૦-૨૫૦૦ | ૧૫૦૦૦-૨૫૦૦૦ | | | |
| | ડાઇકલોસુલામ ૮૪ ડબલ્યુડીજી | ૨૨-૨૬ | ૨૬.૨-૩૦.૯ | | ૭૭ | મોટા પાંદડાવાળા નીંદણ |
| | ઑક્સીફ્લોરફેન ૨૩.૫ ઈસી | ૧૦૦-૨૦૦ | ૪૨૫-૮૫૦ | ૫૦૦-૭૫૦ | | ઘાસ |
| બીજનું સ્ફૂરણ થયા પછીથી | ઈમિજેથાપાઈર ૧૦ એસએલ | ૧૦૦-૧૫૦ | ૧૦૦૦-૧૫૦૦ | ૫૦૦-૭૦૦ | ૯૦ | ઘાસ અને મોટા પાંદડાવાળા નીંદણ |
| | ઈમિજેથાપાઈર ૧૦ એસએલ + સરફેક્ટન્ટ | ૧૦૦-૧૫૦ + ૨ મિ.લી./લી. | ૧૦૦૦-૧૫૦૦ + ૨૦ મિ.લી./લી | ૩૭૫ | ૧૦૨ | |
| | ફ્લુઝીફોપ-પી-બ્યૂટાઈલ ૧૧.૧ + ફોમેસાફેન ૧૧.૧ એસએલ | ૨૫૦ | ૧૦૦૦ | ૫૦૦ | ૮૨ | ઘાસ<br>બારમાસી ઘાસ |
| | ઑક્સીફ્લોરફેન ૨૩.૫ ઈસી | ૧૦૦-૨૦૦ | ૪૨૫-૮૫૦ | ૫૦૦-૭૫૦ | | |
| | ક્વિઝેલોફોપ-ઇથાઇલ ૫ ઈસી | ૩૭.૫-૫૦ | ૭૫૦-૧૦૦૦ | ૫૦૦ | ૮૯ | |
| | ઈમિજેથાપાઈર ૩૫ + ઈમાઝામોક્ષ ૩૫ ડબલ્યુજી + સરફેક્ટન્ટ | ૭૦ + ૨ મિ.લી./લી. | ૧૦૦ + ૨ મિ.લી./લી. | ૩૭૫-૫૦૦ | ૮૩ | સાંકડું અને મોટા પાંદડાવાળા નીંદણ |



Scanned with CamScanner

| ઉપરોકત નોંધાયેલ ઘાસ-નીંદામણ નાશકો સિવાય નીચેની ભલામણો દ્વારા પણ નીંદણ સંચાલિત થાય છે. | | | | | | |
|---|---|---|---|---|---|---|
| બીજ વાવણી પહેલાં માટીમાં સમાવિષ્ટ કરવું હોય | ફ્લુક્લોરલિન ૪૫ ઇસી | ૭૫૦-૧૦૦૦ | ૧૬૭૦-૨૨૨૦ | ૫૦૦-૬૦૦ | ૯૦-૧૮૦ | ઘાસ અને કેટલાક મોટા પાંદડાવાળા નીંદણ |
| | ટ્રાઇફ્લુરાલિન ૪૮ ઇસી | ૭૫૦-૧૦૦૦ | ૧૫૬૦-૨૦૮૦ | ૫૦૦-૬૦૦ | ૯૦-૩૬૦ | |
| બીજનું સ્ફૂરણ થયા પહેલા | પેન્ડીમેથીલીન ૩૦ ઇસી | ૭૫૦-૧૦૦૦ | ૨૫૦૦-૩૩૦૦ | ૫૦૦-૬૦૦ | ૬૦-૨૦૦ | ઘાસ અને કેટલાક મોટા પાંદડાવાળા નીંદણ |
| | બુટાક્લોર ૫૦ ઇસી | ૭૫૦-૧૦૦૦ | ૧૫૦૦-૨૦૦૦ | ૫૦૦-૬૦૦ | ૧૦૦ | |
| | મેટોલાક્લોર ૫૦ ઇસી | ૭૫૦-૧૦૦૦ | ૧૫૦૦-૨૦૦૦ | ૫૦૦-૬૦૦ | ૪૦-૧૯૦ | |
| | થાયોબેનકાર્બ ૫૦ઇસી | ૭૫૦-૧૦૦૦ | ૧૫૦૦-૨૦૦૦ | ૫૦૦-૬૦૦ | ૩૦-૬૦ | ઘાસ, કેટલાક મોટા પાંદડાવાળા નીંદણ અને શેડ |
| | ઓક્ષાડિયાજોન ૨૫ ઇસી | ૭૫૦-૧૦૦૦ | ૩૦૦૦-૪૦૦૦ | ૫૦૦-૬૦૦ | ૫૬-૧૨૫ | |
| | એનીલોફોસ ૩૦ ઇસી | ૫૦૦ | ૧૬૭૦ | ૫૦૦-૬૦૦ | - | ઘાસ, કેટલાક મોટા પાંદડાવાળા નીંદણ |
| બીજનું સ્ફૂરણ થયા પછીથી | ફ્લુઝીફોપ-પી-બ્યૂટાઇલ ૧૩.૪ ઇસી | ૨૫૦ | ૧૮૬૦ | ૫૦૦-૬૦૦ | ૩૦-૯૦ | બારમાસી ઘાસ |
| | ડાઇક્લોફોપ-મીથાઇલ ૨૮ ઇસી | ૭૫૦-૧૦૦૦ | ૨૬૮૦-૩૫૭૦ | ૫૦૦-૬૦૦ | ૩૦ | ઘાસ |

**નીચે ઉલ્લેખિત જંતુનાશકો દેશમાં ઉપયોગ માટે પ્રતિબંધિત છે :**

| જંતુનાશક | પ્રતિબંધોની વિગતો |
|---|---|
| એલ્યુમિનિયમ ફોસ્ફાઇડ | સરકારના વનસ્પતિ સુરક્ષા સલાહકાર દ્વારા અધિકૃત પ્રમાણિત જંતુ નિયંત્રણ સંચાલકોની દેખરેખ હેઠળ જ ઉપયોગ કરવો. |
| કેપ્ટાફોળ | માત્ર બીજ ડ્રેસર તરીકે ઉપયોગ કરો. |
| સાઇપરમેથ્રિન ૩% ધુમાડો જનરેટર | જંતુ નિયંત્રણ સંચાલકો દ્વારા જ ઉપયોગ કરવો અને સામાન્ય લોકો દ્વારા તેનો ઉપયોગ કરવાની મંજૂરી નથી. |
| ડેઝોમેટ | ચા-વાડીમાં ઉપયોગ માટે મંજૂરી નથી. |
| ડાઇક્લોરોડાઇફીનાઇલ ટ્રાઇક્લોરાઇથેન (ડીડીટી) | કૃષિ ઉપયોગથી પાછો ખેંતી લીધો છે, પરંતુ તેનો ઉપયોગ ફક્ત આરોગ્ય કાર્યક્રમોમાં જ થઇ શકે છે. |
| ફેનિતરોતીઓન | ફક્ત અનુસૂચિત રણના વિસ્તારમાં તીડના નિયંત્રણ માટે અને સાર્વજનિક સ્વાસ્થ્યમાં વપરાય છે. |
| મિથાઇલ બ્રોમાઇડ | સરકારના વનસ્પતિ સુરક્ષા સલાહકાર દ્વારા અધિકૃત પ્રમાણિત જંતુ નિયંત્રણ સંચાલકોની દેખરેખ હેઠળ જ ઉપયોગ કરવો. |
| મોનોક્રોટોફોસ | શાકભાજી પર વાપરવા પર પ્રતિબંધ છે. |
| ટ્રાઇફ્યુરલિન | માત્ર ઘઉં પર વાપરો. |

**નીચે જણાવેલ જંતુનાશકો ૩૧ ડિસેમ્બર ૨૦૨૦ સુધીમાં તબક્કાવાર બંધ થવાની છે :**

એલાકલોર, ડાઇકલોરવોસ, ફોરેટ, ફોસ્ફેમિડોન, ટ્રાઇઝોફોસ અને ટ્રાઇકલોરફેન પર ૩૧ ડિસેમ્બર ૨૦૨૦ થી સંપૂર્ણ રીતે પ્રતિબંધ મૂકવામાં આવશે. આ છ જંતુનાશકોનો હવે ૩૧ ડિસેમ્બર ૨૦૨૦ પછી ઉપયોગ કરી શકાશે નહીં.

**જંતુનાશક દવા વાપરતી વખતે શું કરવું અને શું ન કરવું.**

**શું કરવું :**

- જરૂરિયાત આધારિત જંતુનાશકોનો ઉપયોગ કરો.
- ફકત નોંધાયેલું જંતુનાશક અથવા ભારતીય કૃષિ અનુસંધાન પરિષદ અને રાજ્ય કૃષિ વિશ્વવિદ્યાલયો દ્વારા ભલામણ કરેલ જંતુનાશકો નો જ ઉપયોગ કરો.
- જંતુનાશક દવાના લેબલ ઉપર લખેલી સૂચનાઓ અને સલામતી અંગેની ચેતવણીઓ વાંચો અને તેનું પાલન કરો.
- ભલામણ કરેલ જંતુનાશકોની માત્રા અને છંટકાવ માટે પાણીનું પ્રમાણ જાળવો.
- નામાંકિત સ્પ્રેઅર અને નોઝલનો ઉપયોગ કરો.
- દવાનું મિશ્રણ કર્યા પછી તરત જ દવાઓનો ઉપયોગ કરી નાંખવો.
- છાંટતી વખતે રક્ષણાત્મક વસ્ત્રોનો ઉપયોગ કરો.
- જંતુનાશક છંટકાવની પ્રવૃત્તિના રેકોર્ડ જાળવી રાખો.
- જંતુનાશક ડબ્બા/પેકીંગને સુરક્ષિત, ઠંડી જગ્યાએ અને બાળકોની પહોંચથી દૂર સંગ્રહ કરો.
- છંટકાવ માટે વપરાયેલી બધી સામગ્રી અને ડબ્બા/પેકીંગને પાણીથી સારી રીતે ધોઇ નાંખો.
- ઢોળાયેલી જંતુનાશક દવાને સાફ/દૂર કરવા માટે લાકડાનો વહેર, ચૂનો અને રેતીનો ઉપયોગ કરો.
- થોડા જ સમય માટે સમય પહેલા છાંટવામાં આવેલા દવાના વિસ્તારમાં પશુઓનો પ્રવેશ અટકાવો.
- કોઇપણ કટોકટી અથવા આકસ્મિક ઝેરી અસરના નિવારણ માટે નજીકના ચિકિત્સકનો સંપર્ક કરો.
- જંતુનાશક ઝેરના કિસ્સામાં યોગ્ય પ્રાથમિક સારવાર આપવી.

**શું ન કરવું :**

- વિરૂદ્ધ અસરવાળા જંતુનાશકોને ખાતરો અથવા સૂક્ષ્મ પોષકતત્ત્વો સાથે મિશ્રિત કરશો નહીં.
- મૂળ ડબ્બા/પેકીંગમાંથી જંતુનાશક બીજા ડબ્બા/પેકીંગમાં સ્થળાંતરીત કરશો નહીં.
- જંતુનાશક ડબ્બા/પેકીંગને ખેતરમાં અથવા જળાશયામાં ફેકશો નહીં.
- જંતુનાશક ડબ્બા/પેકીંગનો ફરીથી ઉપયોગ કરશો નહીં.
- દવા છાંટતી વખતે કોઇ વસ્તુ ન ખાવી અથવા ધુમ્રપાન ન કરવું.
- તંદુરસ્ત ન હોય ત્યારે જંતુનાશક દવાઓનો છંટકાવ કરવો નહીં.
- સમયસીમા સમાપ્ત થઇ ગયેલ હોય તેવા જંતુનાશકોનો ઉપયોગ કરશો નહીં.
- હાથ વડે જંતુનાશકો ભેળવવા નહી.
- પવનની દિશા વિરૂદ્ધ તેમજ વધુ પડતા સૂર્યતાપમાં જંતુનાશક દવાઓનો છંટકાવ ન કરવો.
- પાક પર વધુ પડતા જંતુનાશકનો છંટકાવ ન કરવો.
- ફલીનીકરણ માટે ઉપયોગી જંતુઓ પર ઝેરી અસર પડે તેવી જોખમી જંતુનાશક દવાઓનો છંટકાવ કરશો નહીં.
- પ્રતીક્ષા સમયગાળા પહેલા પાકને કાપશો કે લણશો નહીં.


**મૂળ સ્ત્રોત :**

૧. નટરાજા એમ. વી., કુલદીપસિંહ જાડોન, પ્રસન્ન હોલ્લાજર, થીરુમલાઇસામી પી.પી., પૂનમ જસરોટીયા, રામ દત્તા અને સવાલીયા એસ. ડી. (૨૦૧૫) ''મગફળી પાકમાં જીવાતો અને રોગોનું સંકલિત વ્યવસ્થાપન'' ભાકૃસપ-મગફળી સંશોધન નિદેશાલય, પોસ્ટ બોક્ષ નં. -૦૫, જૂનાગઢ - ૩૬૨ ૦૦૧, ગુજરાત, ભારત, ટેકનીકલ બુલેટીન નંબર ૦૧/૨૦૧૫, પાનું ૧૯.

૨. કેન્દ્રીય જંતુનાશક મંડળ અને નોંધણી સમિતિ, ફરીદાબાદ-૧૨૧૦૦૧ (http://ppqs.gov.in/divisions/cib-rc; વેબસાઇટ ૨૯ જાન્યુઆરી ૨૦૨૦ ના રોજ વાંચી હતી)

૩. સૂત્રકૃમી વિભાગ, ભારતીય કૃષિ સંશોધન સંસ્થા, નવી દિલ્હી-૧૧૦૦૧૨ ના મુખ્ય સંશોધન સિધ્ધિઓ (https://www.iari.res.in; વેબસાઇટ ૨૯ જાન્યુઆરી ૨૦૨૦ ના રોજ વાંચી હતી)

૪. Jat R.S., Meena H. N., Singh A. L., Surya J.N. and Misra J. B. 2011. Weed management in groundnut (*Arachis hypogaea* L.) in India - A Review. *Agri. Reviews*, 32 (3): 155-171.



**પ્રકાશક : ભાકૃસંપ – મગફળી સંશોધન નિદેશાલય,**
ઈવનગર રોડ, પો.બો. નં. ૫,જુનાગઢ-૩૬૨૦૦૧ ગુજરાત, ભારત.
વેબ સાઈટ : www.dgr.org.in, ઈ-મેલ : director.dgr@icar.gov.in, ટેલેફેક્સ : +91 - 0285 - 2673041

**પ્રિન્ટર્સ : આર્ટ ઇન્ડિયા ઓફસેટ,**
જૂનાગઢ. મો. ૯૮૭૯૫ ૪૧૨૭૫




Scanned with CamScanner